મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી આજે

# ગાંધીનગરથી ખેલ મહાકુંભની મશાલ રેલીને પ્રસ્થાન કરાવશે

ગાંધીનગર, તા. ૩૦

ખેલ મહાકુંભ ૨૦૧૨ અંતર્ગત તા. ૩૧ ડિસેમ્બર ને સવારે ૧૦.૩૦ કલાકે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સેક્ટર-૧૭ ટાઉન હૉલ ખાતેથી ભવ્ય મશાલ રેલીને પ્રસ્થાન કરાવશે. જેમાં મોટી સંખ્યામાં મંત્રીઓ, અધિકારીઓ અને રમત વીરોની હાજરી રહેશે.

ભારતના સૌથી મોટા ખેલ મહાકુંભ ૨૦૧૨ને લઈ રાજ્યના તમામ રમત વીરોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ત્યારે ખેલ મહાકુંભ ૨૦૧૨ સંદર્ભે આજે સવારે ૧૦.૩૦ કલાકે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી ટાઉન હૉલથી ભવ્ય મશાલ રેલીનું પ્રસ્થાન કરાવશે. જેમાં રાજયના મંત્રીઓ, રમતગમત યુવા સાંસ્કૃતિક વિભાગના અધિકારીઓ અને ઉત્સાહી રમત વીરો જોડાશે. આ મશાલ રેલી વિવિધ જિલ્લામાં ફરશે જ્યાં તેનું સ્વાગત કરવામાં આવશે.

ચૈતન્ય સ્કૂલના વિદ્યાર્થીઓએ

# રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધામાં ગોલ્ડ-બ્રોન્ઝ મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ચૈતન્ય સ્કૂલ ગાંધીનગરના આચાર્ય પ્રીતા પિલ્લાઈએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તાજેતરમાં વડો-કાઈ-કરાટે સ્પર્ધા વડોદરા ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં ચૈતન્ય સ્કૂલના બે વિદ્યાર્થીઓએ બે ગોલ્ડ મેડલ અને બે વિદ્યાર્થીઓએ બે બ્રોન્જ મેડલ મેળવ્યા હતા. વડોદરા ખાતે રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધામાં ૧૪ જિલ્લાઓના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ગાંધીનગરની ચૈતન્ય સ્કૂલના વિદ્યાર્થી નયન સુશીલે ગોલ્ડ મેડલ, જન્મેજય પટેલે ગોલ્ડ મેડલ અને ઋષી પટેલ તથા નમન સુશીલે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો અને શાળાનું ગૌરવ વધાર્યું હતું. ચૈતન્ય સ્કૂલના ડિરેક્ટર ઈલીઝાબેથ કોશી, શાળાના ટ્રસ્ટીઓ તથા શાળાના આચાર્યાએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરની વેણુભારતી સંસ્થાના કલાકારો નેશનલ ફોક ડાન્સ ફેસ્ટીવલમાં ઝળકયા




ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની વેણુભારતી સંસ્થાના કલાકારોએ તાજેતરમાં અરૂણાચલ પ્રદેશ અને સેલવાસ ખાતે નેશનલ ફોક ડાન્સ ફેસ્ટીવલમાં ભાગ લઈ ગરબા નૃત્યની રમઝટ બોલાવી હતી. રાસ, ગરબા અને ટિપ્પણી લોકનૃત્યની રજૂઆત સાથે શિવરામ શ્રીમાળી અને ઉમેશ પરમારે દોહા છંદની રમઝટ બોલાવી હતી અને ગુજરાતના લોકનૃત્ય દ્વારા ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું.

ગાંધીનગરની ગુજરાતના લોકનૃત્યને ઉજાગર કરતી સતત પ્રયત્નશીલ વેણુભારતી સંસ્થાના કલાકારો તાજેતરમાં અરૂણાચલ પ્રદેશ અને સેલવાસ (યુ.ટી.) ખાતે ગુજરાતના લોકનૃત્યનો કાર્યક્રમ રજુ કરી ગૌરવ વધારેલ છે. સંસ્થાના કલાકારો દ્વારા ઈટાનગર, અરૂણાચલ પ્રદેશ ખાતે યોજાયેલ 'નેશનલ ફોક ડાન્સ ફેસ્ટિવલ'માં ભાગ લીધો હતો. જેમાં ભારતના વેસ્ટ ઝોન કલ્ચર સેન્ટર, ઉદેપુર તરફથી વેણુભારતી સંસ્થાની પસંદગી થયેલ હતી. આ કાર્યક્રમમાં ભારતના વિવિધ ઝોનમાંથી ફકત એક ટીમ પસંદ થયેલ જેમના દ્વારા 'માટી કે રંગ' સિલ્વર જયુબિલી સેલીબ્રેશન અંતર્ગત આ કાર્યક્રમની રજુઆત કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં મા. ગવર્નર જનરલ જે.જે. સિંગ તથા મુખ્યમંત્રી નબમ ટુકી હાજર રહ્યા હતાં.

કાર્યક્રમ બાદ સેલવાસ ખાસે સંસ્થાના કલાકારોએ 'તારપા ફેસ્ટિવલ'માં ભાગ લીધો હતો. વેણુભારતી સંસ્થા દ્વારા તેમાં રાસ,ગરબો અને ટિપ્પણી લોકનૃત્યુની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ભારતના ખ્યાતનામ હાસ્ય કલાકાર ભારતીસિંગ (સોની ટીવી) હાજર રહ્યા હતા. હરિયાણા, રાજસ્થાન અને મહારાષ્ટ્રની ટીમે પોતાની કૃતિ રજુ કરી હતી.

અરૂણાચલ પ્રદેશ ખાતે ગુજરાતના ગૌરવ પુરસ્કૃત શિવરામ શ્રીમાળી તો તારપા ફેસ્ટિવલમાં ઉમેશ પરમારે દોહા-છંદની રમઝટ બોલાવી હતી. વાદ્યવૃંદમાં અમિષ સોની, કિર્તી વ્યાસ, રમેશ નાડિયા, રાહુલ નાડિયાએ સેવા આપી હતી. કલાકારોમાં હિરલ મકવાણા, દર્શના રાઠોડ, જવનિકા મહેતા, રેખા ડામોર, વૈશાલી મકવાણા, અલકા મકવાણા, નિશા રાણા તથા સોનલ ઠાકોર જયારે ભાઈઓમાં દિવ્યેશ સોલંકી, જય પટેલ, જીમી ગામેતી, વિશાલ વર્મા, દર્શન શાહ, ભાર્ગવ પટેલે ભાગ લીધો હતો. સમગ્ર સંચાલન ડાયરેકટર નીતિન દવેએ કર્યું હતું.

વેણુભારતી સંસ્થા દ્વારા આખા વરસ દરમિયાન કોઈ પણ ચાર્જ કે ફી લીધા સિવાય યુવક યવતીને ગુજરાતના લોકનૃયુની તાલિમ આપવામાં આવે છે જે એક માત્ર સંસ્થા છે. તેમ સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી બિન્નીબેન દવેએ જણાવેલ હતું.

## કાવ્ય રંગ

### દિલ્હીની દિવંગત દુહિતાને

નરપિશાચો, વાસના ભૂખ્યા વરૂઓએ
વીંખી-પીંખી નાખી... નિઃસહાય-નિર્દોષ તરૂણીને...
અધમાધમ ઘોર રાક્ષસી દુષ્કૃત્ય આચરી...
માવતરની વ્હાલી, હેતના દરિયા શી દુહિતાને...
ક્ષતવિક્ષત, હતી ન હતી કરી મેલી....
કેવળ અપકૃત્યથી ધરાયા નહિ એ નરાધમો-નરરાક્ષસો...
જીવલેણ-હિંસક ગુજારી બર્બરતા અબળા પરે...
આચરી પાપ ને હેવાનિયત પટકી દીધી...
ઘોર અંધકારે કણસતી-તડપતી રોડ વચાળે...
ઝઝૂમી, ન ડરી, ન ઝૂકી, ન રુકી...
સાક્ષાત મોતના માંડવે મ્હાલી.. મૃત્યુ શૈયાનેય પ્યારી ગણી...
જિજીવિષાએ ખેલ્યો મહાજંગ ૧૩ દિ લગાતાર...
આખરે છોડ્યા શ્વાસ છેલ્લા પારકે પાદર સિંગાપુરે...
દીધી આહૂતિ, વ્હોરી શહીદી અત્યાચારની વેદીએ...
પણ છેડી એક ચિનગારી, પ્રગટાવી મશાલ જનક્રાંતિની...
ભભૂક્યો લાવા રોષનો, આક્રોષ જનજન વિસ્તર્યો...
હર ગલી, હર ગામ, નગર ને શહેરમાં
હચમચાવી સરકાર દિલ્હીની... ને સંસદે ય કંપી ઊઠી...
મહેરામણ છલી ઊઠ્યો શોક-સંવેદનાનો સર્વત્ર દેશભરમાં...
ધીડી બની ગઈ હરકોઈની, રોયાં સહુ રક્તના અશ્રુએ...
એળે ન જાશે શહીદી... દીધાં વચનો સર્વ સત્તાધીશોએ...
છે બૂલંદ લોકજુવાળ... લટકાવી દયો....
કુકર્મીઓને સરેઆમ માંચડે ફાંસીના...
જીત હો... જનતા જનાર્દનની
એજ હો અંજલી દિવંગત દુહિતાને !

- ભરત કવિ

### હશે

એકાદ એવી સાંજ પણ પડી હશે,
સાવ કોરી આંખ પણ રડી હશે.
વાદળી વરસી નહીં એ ખરું,
પણ દૂર જઈને એ જરૂર રડી હશે.
એક ને એક બે થઈ જાય એ ખરું,
પણ ૧૧માં કોઈ એવી કડી હશે.
કોઈ પણ ભાષા ને શબ્દો વાંચતે,
સાવ કોરો કાગળ ને બે ગડી હશે.
આમ તો એ કોઈથી થાકત નહીં,
જાત તારી ખુદને નડી હશે.
આમ તો એ કોઈથી હારત નહીં,
જાત તારી ખુદથી લડી હશે.
સહુ કોઈને કહેશો નહીં 'પડી નથી'
કોક એવું પણ હશે પડી હશે.
જિંદગીભર આ ગઝલ ગૂંજતી રહેશે,
સાંભળી ભલે ઘડી-બે ઘડી હશે.

- મુકેશ જોશી

# શહેરના માર્ગો પર વાઈબ્રન્ટ સમિટ અને ખેલ મહાકુંભનાં હોર્ડીંગ્સ આકર્ષણનું કેન્દ્ર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં હાલ ખેલ મહાકુંભ-૨૦૧૨ અને વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૩ને લઈ તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે શહેરના તમામ માર્ગો પર થાંભલે થાંભલે વાઈબ્રન્ટ સમિટ અને ખેલ મહાકુંભના અસંખ્ય બોર્ડ અને હોર્ડીંગ્સ લગાવવામાં આવ્યાં છે જે આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

રાજ્ય વિધાનસભાની ચૂંટણી સંપન્ન થતાં રાજ્ય સરકારે અનેક ઉત્સવો આરંભી દીધા છે, જેને લઈ હાલ રાજયના પાટનગર ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરેથી અનેક તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ત્યારે આ સમગ્ર ઉત્સવો વિશે લોકોને જાણકારી મળી રહે તે માટે ગાંધીનગર શહેરના કોબાથી ચ-0, માર્ગ ચ, ઘ અને અન્ય આંતરિક માર્ગોના દરેક થાંભલા પર મુખ્યમંત્રીના ફોટાવાળા વાઈબ્રન્ટ સમિટ તથા ખેલ મહાકુંભનાં નાનાં બોર્ડ તથા મોટાં બેનરો લગાવવામાં આવ્યા છે. જે હાલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

ઠેર ઠેર લગાવેલા બોર્ડ જોવા માટે એકાદ વાર તો રાહદારીઓ જરૂરથી નજર નાખી તેની ચર્ચા કરવાનું ભૂલતા નથી.

# કાંકરિયા કાર્નિવાલની આજે પૂર્ણાહૂતિ

અમદાવાદ,તા. ૩૦

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત કાંકરિયા કાર્નિવાલનો આવતીકાલે ૩૧મી ડિસેમ્બરના રોજ છેલ્લો દિવસ છે અને સમાપન સમારંભમાં મહેસુલ મંત્રી આનંદીબેન પટેલ મુખ્ય રીતે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

દર વર્ષે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કાંકરિયા કાર્નિવાલમાં પ્રથમ દિવસે અને છેલ્લા દિવસે ઉપસ્થિત રહે છે. આના કારણે મોટી સંખ્યામાં લોકો પહોંચે છે. જો કે આ વર્ષે આવતીકાલે ૩૧મી ડિસેમ્બરના રોજ મોદી હાજર રહેવાના નથી આ અંગેનો નિર્ણય એકાએક લેવામાં આવતા ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે. કાંકરિયા કાર્નિવાલના છેલ્લા દિવસે પણ જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા પાંચ વર્ષથી યોજાતા કાંકરિયા કાર્નિવાલમાં લાખો લોકો ઉમટી પડે છે. કાર્નિવાલને ધ્યાનમાં લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. અનિચ્છનીય બનાવને ટાળવા સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. છેલ્લા દિવસે કાર્નિવાલમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, લેઝર શો અને ભાવ્ય આતશબાજી આકર્ષણના કેન્દ્ર રહેશે. લોકો મોટી સંખ્યામાં આજે પણ કાંકરિયા કાર્નિવાલમાં ઉપસ્થિત રહે તેવી શક્યાત દેખાઈ રહી છે. છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીમાં વધારો થયો હોવા છતાં આ શોને માણનાર લોકોમાં બાળકોમાં મુખ્ય આકર્ષણ જોવા મળી રહ્યુ છે.

# ફેસબૂક અને આજની યુવાપેઢી - એક વિચાર

૨૧મી સદીની જે કેટલીક વૈશ્વિક સ્તરે પોતાનો પ્રભાવ ઉત્પન્ન કરનારી શોધો છે તેમાં આજે સૌથી વધુ ચર્ચાસ્પદ ફેસબૂક છે. આ ફેસબૂકના ભૂતે રાતોરાત આખા વિશ્વમાં હાહાકાર મચાવી દીધો છે અને યુવા પેઢીમાં તો એની લોકપ્રિયતાએ રેકર્ડ તોડી નાખ્યા છે. શું છે આ ફેસબૂક ? એમાં એવું કયું તત્ત્વ છે ? અને હવે તો ફેસબૂક પર માત્ર યુવાનો જ નહીં પણ વૃદ્ધો, બાળકો, સ્ત્રીઓ, સેલિબ્રિટીઓ, ધાર્મિક સંપ્રદાયોના વડાઓ, સંતો, મહાત્માઓ, રાજનીતિજ્ઞો, નેતાઓ, અભિનેતાઓ, અંડરવર્લ્ડ.... બધા જ ફેસબૂક પર જોવા મળે છે. જોકે વિશેષ કરીને ફેસબૂક ઘણી રીતે ઉપયોગી સાબિત થયું છે પરંતુ આજની યુવા પેઢી ઉપર એની ઘણી જ વિપરીત અસર થઈ છે.

મૂળમાં જોઈએ તો ફેસબૂક એ પાશ્ચાત્ય સંસ્કૃતિની ઉપજ છે કે જ્યાં મુક્ત વિજાતીય સંબંધો સામાન્ય છે. ૧૨થી ૧૪ વર્ષના છોકરા-છોકરીઓ નોર્મલ રીતે સેક્સ કરતા થઈ જાય છે. વળી ત્યાં ચારિત્ર્યની વ્યાખ્યામાં ક્યાંય સેક્સ આવતું જ નથી... જ્યારે આપણી ભારતીય સંસ્કૃતિ એક પતિ-પત્નીમાં માને છે. લગ્ન પહેલાં વિજાતીય સંબંધોને કે સેક્સને માન્યતા નથી... આમ છતાં છેલ્લા કેટલાક વર્ષોમાં ટીવી ચેનલો, મોબાઈલ અને ઈન્ટરનેટના કારણે બધું જ તૂટતું ગયું છે. એમાં બાકી હતું તે ફેસબૂક આવ્યું... પોતાના ઘરમાં બેઠા બેઠા દુનિયાની કોઈપણ વ્યક્તિ સાથે સંપર્ક થઈ શકે, વાતો થઈ શકે... ઓળખાણ વધારી મળી શકાય અને...

આમ જોઈએ તો ફેસબૂકે વિશ્વની જુદી જુદી સંસ્કૃતિને એક કરી નાખી છે પણ એનો લાભ થવાને બદલે નુકસાન વધારે તયું છે કે કે ફિલિપાઈન્સ, બેંગકોક, થાઈલેન્ડ, જર્મની, સ્વીડન, નોર્વે, અમેરિકા, ઈન્ગ્લેન્ડ, રશિયા જેવા અનેક દેશ એવા છે કે જ્યાં ખુલ્લાપણું વિશેષ છે. તેથી ત્યાંની છોકરીઓ પોતાના અર્ધનગ્ન-બોલ્ડ ફોટાઓ આસાનીથી ફેસબૂક પર અપલોડ કરી દે છે. ટોપલેસ, બિકીની કે અંતઃવસ્ત્રોમાં કે કીસ કરતા કે સેક્સ કરતા ફોટાઓ પણ તેઓ વિના સંકોચે અપલોડ કરી દે છે અને આ ફોટાઓ તમામ દેશોના છોકરા-છોકરીઓ પોતાના ઘરના કોમ્પ્યુટર કે મોબાઈલમાં જુએ છે. જોઈને શું કરશે ? શું શીખશે ? શરૂ શરૂમાં ફેસબૂકથી દૂર રહેતી સારા ઘરની કે છોકરીઓ કે સ્ત્રીઓ પણ ધીમે ધીમે આ લપસણી ભૂમિમાં લપસી પડે છે. આ દૃષ્ટિએ જોઈએ તો ફેસબૂક ખૂબ જ ખતરનાક છે. આવતા પાંચ-દસ વર્ષમાં આપણા દેશમાં પણ વિજાતીય સંબંધો નોર્મલ થઈ જશે અને ચારિત્ર્ય શબ્દ ભુલાઈ જશે, લગ્નેતર સંબંધો ઘેર ઘેર જોવા મળશે.

આજની છોકરીઓ એટલું નથી વિચારતી કે જે પ્રવૃત્તિ લગ્ન પછી બંધ કરવી પડશે એ પ્રવૃત્તિ અત્યારથી જ શા માટે બંધ ન કરવી ? બીજું કે હવે ફેસબૂકમાં છોકરાઓ કે પરિણીત પુરુષો પણ એટલી બધી ચાલાકીથી, સજ્જનતાથી છોકરીઓ કે સ્ત્રીઓ સાથે હેલ્લોથી સંપર્ક શરૂ કરે છે અને પછી ધીમે ધીમે છોકરીની બધી જ વિગતો જાણી, થોડા વિચારો જાણી, થોડી પરિસ્થિતિ જાણી એનો લાભ ઉઠાવવાનું શરૂ કરે છે પછી મોબાઈલ નંબર મેળવશે અને ધીમે ધીમે એસએમએસ અને વાતો શરૂ કરશે. પછી એકાદ વખતે કોઈ કાર્યક્રમમાં કે પ્રસંગમાં કે ફંક્શનમાં મળવા બોલાવશે ને સાથે જમવા લઈ જશે.... અહીં સુધી એ છોકરો કે પરિણીત પુરુષ સારા, સજ્જન બની રહે છે. હવે છોકરી સહેજ લાગણીશીલ હોય કે થોડી ઘરથી દુખી હોય કે થોડી આર્થિક પરિસ્થિતિ વીક હોય એટલે બિચારી ફસાઈ જાય છે. અને પછી ધીમે ધીમે... આ છે ફેસબૂકનું સત્ય ! જોકે આમાં એકલા છોકરા કે પુરુષોનો વાંક કાઢી શકાય નહીં કેમ કે મોટેભાગે આજની છોકરીઓને પણ છોકરાઓ સાથે ચેટીંગ કરવાનું ગમતું હોય છે. છોકરાઓની કોમેન્ટ્સ ગમતી હોય છે. છોકરીઓ પણ મનમાં ઈચ્છે છે કે એને કોઈ બ્યુટીફુલ કે હૉટ કહે કે એના ચહેરાના, રૂપના કે ડ્રેસના

## વિચાર મંચ

- કનૈયાલાલ ભટ્ટ

કોઈ વખાણ કરે. ઘણી છોકરીઓ પણ ચાલાકીથી આગળ વધતી હોય છે. એ એના પતિને કે ફિયાન્સને કે પ્રેમીને સાવ ભોળી બનીને સમજાવી દે છે કે હું તો માત્ર તારી જ છું. પણ એ છોકરી એકલી હોય ત્યારે ફેસબૂકમાં અન્ય છોકરાઓ કે પુરુષો સાથે મનમાં ગલીપચી થાય એવી અવનવી વાતો કરતી હોય છે અને ચેટીંગ કર્યા પછી મેસેજ બોક્સમાં જઈને એ બધા જ ચેટીંગ મેસેજ ડીલીટ પણ કરી દે છે જેથી બીજા કોઈને ખબર ના પડે. મોટેભાગે છોકરો કે પુરુષ બિચારો વિશ્વાસમાં રહી જાય છે પણ છોકરો કે પુરુષ આ સિસ્ટમ જાણે છે એ મનમાં સમજીને તે પણ બીજી છોકરીઓ કે સ્ત્રીઓ સાથે છાનોમાનો ચેટીંગ-ડેટીંગ કરી લે છે. આમ આ રીતે બંને એકબીજાને શરૂઆતથી જ છેતરતા થઈ જાય છે. આવાં કપલો લગ્ન પછી શું એકબીજાને વફાદાર રહેશે ખરા ?

મને એ નથી સમજાતું કે જે છોકરીના લગ્ન થવાના બાકી છે અને ધારો કે છોકરો નક્કી પણ થઈ ગયો છે એ છોકરી બીજામાં શા માટે રસ ધરાવતી હોય છે ? ભારતીય સમાજમાં કોઈપણ પુરુષ (પતિ) પોતાની પત્ની અન્ય પુરુષ સાથે સંબંધ રાખે એવું ઈચ્છતો નથી, પછી એ ગમે તેટલા આધુનિક કેમ નથી ? એના સૌથી મોટા ઉદાહરણ ફિલ્મી જગતમાં જ છે. શ્રીદેવી, માધુરી, કરિશ્મા, જયા, ટ્વીન્કલ, કાજોલ, હેમા, અમૃતા... આ બધી અભિનેત્રીઓ જ્યારે ટોચ પર હતી ત્યારે જ લગ્ન કરીને ફિલ્મી, ગ્લેમરની દુનિયા છોડીને પોતાનું ઘર, પરિવાર, બાળકો... બધું જ સંભાળેલું... કેમ ? આ બધી અભિનેત્રીઓના પતિદેવો પુરુષો છે અને તેઓએ અન્ય હિરોઈનો સાથે ફિલ્મો કરવાનું ચાલુ રાખ્યું છે... આ અભિનેત્રીઓએ ધાર્યું હોત તો એમના પતિઓને કહી શકી હોત કે લગ્ન પછી તમે ફિલ્મો કરો તો અમે કેમ નહીં ? પણ ભારતીય સ્ત્રીની ભૂમિકા લગ્ન પછી બદલાઈ જાય છે. અને આ સત્ય જે સ્ત્રી નથી સમજતી એને આખી જિંદગી એકલા રહેવું પડે છે. હવે આજની છોકરીઓને લગ્ન પહેલાં ફેસબૂકીયા બોયફ્રેન્ડો સાથે ચેટીંગની જે લત પડી ગઈ તે છૂટવી ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ જો આ લત છોકરીઓ વહેલાસર નહીં છોડે તો એનો ભાવિ પતિ એને છોડી દેશે અથવા લગ્ન પછી છોડી દેશે. ભારતમાં સ્ત્રી અને પુરુષનો કેટલોક કુદરતી ભેદ રહેવાનો જ છે. આવતા ૫૦-૧૦૦ વર્ષ પછી પણ સ્ત્રી પુરુષની જેમ શર્ટ કાઢીને ખુલ્લા શરીરે બજારમાં ફરી શકવાની નથી.

ફેસબૂક એ મનોવૈજ્ઞાનિક ગેમ છે. મોટાભાગના છોકરા કે પુરુષો હાય, હેલ્લોથી શરૂ કરે છે અને ડીયરમાંથી માય લવ સુધી પહોંચે છે. છોકરીઓ એ નથી જાણતી હોતી કે એ જ છોકરો કે પુરુષ આવી રીતે બીજી ઘણી છોકરીઓ સાથે કનેકશન છોડી બેઠા હોય છે. એને તો મોકો મળે એની જ રાહ જોવાની હોય છે. જોકે હવે તો છોકરીઓ પણ આવી રીતે ઘણા સાથે કનેક્શન રાખતી થઈ ગઈ છે.

ફેસબૂકથી બંને પક્ષે ખાનાખરાબી થઈ છે, કોનો વાંક કાઢવો એ કહેવું મુશ્કેલ છે પણ જેને હજી ફેસબૂકનો પુરેપુરો રંગ નથી લાગ્યો અથવા લત નથી લાગી એવી છોકરીઓએ ચેતવા જેવું છે.

જે ઘરમાં સ્કૂલ કે કોલેજ કરતી છોકરીઓ હોય અનો જો એ મોબાઈલમાં ફેસબૂક કરતી હોય તો એવા માતા-પિતાએ ખાસ ધ્યાન રાખવું જરૂરી છે કેમ કે આ ટીન એજર્સ દેખાદેખીમાં સહેલાઈથી અવળે રસ્તે ચડી જાય છે. વળી ફેસબૂકમાં મોટે ભાગે સાવ ખોટા નામથી એકાઉન્ટ ખોલીને પણ ઘણા છોકરા-છોકરીઓ પોતાના પેરેન્ટ્સને કે પતિ-પત્નીને મૂર્ખ બનાવતા હોય છે. પણ જેણે આ ફેસબૂકનો ઉપયોગ પોઝીટીવ રીતે કરવો હોય તેમને જે વ્યક્તિની વિગતો સાચી ના હોય, પુરેપુરી ના હોય - સાચો ફોટો ના હોય, ગામનું નામ, નોકરી, પારિવારિક માહિતી ના હોય એવી વ્યક્તિ સાથે બિલકુલ વ્યવહાર ના રાખવો જોઈએ. આવી વ્યક્તિઓ માત્ર ને માત્ર સારા છોકરા-છોકરીને ફસાવવાનું જ કામ કરતા હોય છે, પહેલા તો આવી વ્યક્તિને શોધીને તમારા ફ્રેન્ડલીસ્ટમાંથી જ અનફ્રેન્ડ કરી નાખો. અથવા ચેટીંગ જ ના કરો. જે વ્યક્તિ સામેથી તમને હાય, હેલ્લો કરે છે એને તરત જ જવાબ ના આપવો. પહેલા એની પ્રોફાઈલ જુઓ, એમાં કેવા ફોટાઓ છે, કેવી કોમેન્ટ્સ છે, કેવા સ્ટેટમેન્ટ્સ છે ? ફેમિલી બેકગ્રાઉન્ડ જાણો, ઘર-પરિવાર, નોકરી, સંતાન, જ્ઞાતિ, વતન.... આ બધું જાણો અને પછી જ જવાબ આપો તો ફસાઈ જવાના ચાન્સ ઓછા રહેશે. આજનો ફેસબૂકનો ટૂંકો આનંદ તમારી આવતી કાલની લાંબી ખુશી છીનવી લેવાનો છે એ વાત હંમેશા યાદ રાખજો. આજે એક બે વર્ષના આ ફેસબૂકીયા ફ્રેન્ડ્સ કમ લવર્સ તમારી બાકીની જિંદગી બગાડવાના છે એ બિલકુલ સત્ય છે.

આજની છોકરીઓ એટલું નથી સમજતી કે ફેસબૂકનું ભ્રામક સત્ય તમારું જીવન બરબાદ કરી શકે છે. જુદા જુદા છોકરાઓ સાથે ફ્રેન્ડશીપ રાખવી, બધા સાથે રોજ રાતે ચેટીંગ કરવું.... આ શોખ ધીમે ધીમે પતનને માર્ગે લઈ જાય છે. જે છોકરાને ઓળખતા નથી એની સાથે વાતો કરીને, સંપર્ક વધારવા પાછળનો હેતુ શું હોય છે ? એ સૌ કોઈ જાણે છે. યુવાન છોકરાઓ સાથે વાતો કરવી ગમતી હશે પણ એનું પરિણામ મોટા અનર્થો સર્જશે. એક વખત ભાવિ પતિનો કે પત્નીનો વિશ્વાસ ગુમાવી દેશો તો જિંદગી આખી એ વિશ્વાસ પાછો નહીં મેળવી સકો અને પછી બંનેએ બનાવટી જિંદગી જીવવી પડશે.... હા, આપણને લાગે કે આપણા લગ્નજીવન, પતિ સુખ કરતાં ફેસબૂકના મિત્રોનું સુખ વધારે છે તો ચોક્કસ આગળ વધવું જોઈએ અને લગ્નજીવન, પતિસુખ, પ્રતિષ્ઠા, માન, સન્માન, મનની શાંતિ... આ બધું જોઈતું હોય તો અત્યારથીજ ફેસબૂકીયા ફ્રેન્ડ્સનું વળગણ મૂકવું હિતાવહ છે.

પાન-મસાલા, ગુટકા, દારૂ અને જુગારથી પણ વધારે ખતરનાક વ્યસન ફેસબૂકનું છે. અને આ વ્યસન સમયસર નહીં છોડે એના ભાવિ જીવનમાં મોટા અનર્થો સર્જાશે એ નિર્વિવાદ હકીકત છે.



